# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
## વોક ઇન ઈન્ટરવ્યુ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે મેડીકલ ઓફિસર (કરાર આધારિત) સંવર્ગની જગ્યા પ્રારંભિક ૧૧ માસ માટે ભરવા તા. ૨૦/૦૮/૨૦૨૫ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે મિટિંગ રૂમ, પ્રથમ માળ, યુનિવર્સીટી મુખ્ય કાર્યાલય ખાતે નીચેની વિગતોએ વોક ઇન ઇન્ટરવ્યુ રાખવામાં આવેલ છે. આ માટે સવારે ૧૦:૩૦ કલાકે રીપોર્ટીંગ કરવાનું રહેશે.

| | |
|---|---|
| જગ્યાનું નામ | મેડીકલ ઓફિસર (કરાર આધારિત) |
| કુલ જગ્યા | ૧ (એક) |
| વય મર્યાદા | ૭૦ વર્ષથી વધારે નહિ |
| પગાર અને ભથ્થા | Rs. ૪૦,000/- માસિક એકત્રિત રકમ<br>(ફિક્સ વેતન) |
| લાયકાત | (૧) MBBS તથા GMC Registrartion Certificate<br>(૨) કોમ્પ્યુટરનું બેઝીક નોલેજ |
| અનુભવ | રાજ્ય સરકારશ્રી/કેન્દ્ર સરકારશ્રી/બોર્ડ/ કોર્પોરેશન માંથી નિવૃત થયેલ હોય, પેન્શનર હોય. અથવા<br>ખાનગી હોસ્પિટલ ધરાવતા હોય કે, ખાનગી હોસ્પીટલમાં ફરજ બજાવતા હોય. તબીબી અધિકારી તરીકેનો અનુભવ ધરાવતા હોય તેઓને અગ્રતા આપવામાં આવશે. |

**અન્ય શરતો:-**

૧. ઉમેદવારને ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ હોવુ જરૂરી છે.

૨. મેડીકલ કાઉન્સીલ ઓફ ગુજરાતમાં Enrolment હોવું ફરજીયાત છે.

૩. ઇન્ટર્નશિપ ફરજીયાત પૂરી કરેલ હોવી જોઈએ.

૪. આ અંગેનું નિયત ફોર્મ, શરતો તેમજ અન્ય વિગતો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઇટ www.saurashtrauniversity.edu ઉપર મુકવામાં આવેલ છે. જેમાંની સંપૂર્ણ વિગતો ભરી, જરૂરી સાધનિક પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલો સાથે તા. ૨૦/૦૮/૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે મિટિંગ રૂમ, પ્રથમ માળ, યુનિવર્સિટી મુખ્ય કાર્યાલય, રાજકોટ ખાતે સ્વ ખર્ચે રૂબરૂ વોક ઇન ઇન્ટરવ્યુ માટે સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેવાનું રહેશે.

**સ્થળ:- રાજકોટ તારીખ: ૦૪/૦૮/૨૦૨૫** **કુલસચિવ**

# મેડીકલ ઓફિસર તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે કરારના ધોરણે નિમણૂક માટેનું અરજી ફોર્મ

તાજેતરનો
પાસપોર્ટ
સાઈઝનો ફોટો

| | | |
|---|---|---|
| ૧ | નામ : | |
| ૨ | જન્મ તારીખ : | |
| ૩ | સરનામું :<br>(મોબાઈલ નંબર સહીત) | |
| | ઈ-મેઈલ આઈ.ડી. | |
| ૪ | હાલની પ્રેક્ટીસનું સ્થળ : | |
| ૫ | **શૈક્ષણિક લાયકાતની વિગત (HSCથી શરૂ કરી)** | |

| પાસ કરેલ પરીક્ષા | પાસ કર્યાનું વર્ષ | કોલેજ | બોર્ડ/યુનિવર્સિટી | મેળવેલ વર્ગ/ગ્રેડ | ટકા અને માર્કસ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

| | | | |
|---|---|---|---|
| ૬ | ઇન્ટર્નશિપની વિગત | | |
| ૭ | GMC રજીસ્ટ્રેશન | નંબર | તારીખ |
| | GMC માં રજીસ્ટ્રેશન કર્યાના નંબર અને તારીખ (નકલ સામેલ રાખવી) | | |
| ૮ | અનુભવની વિગત | | |

| ક્રમ | હોસ્પિટલનું નામ | સમયગાળો (વર્ષ - માસ) | સરકારી/ટ્રસ્ટ/ખાનગી | |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

અરજીમાં દર્શાવેલ તમામ વિગત અમારી માન્યતા મુજબ સાચી છે.

ઉમેદવારની સહી

સ્થળ:

તારીખ:

નોંધ: (૧) અરજી સાથે ઉપર જણાવેલ વિગતોનો જરૂરી આધાર અચૂક બીડવાનો રહેશે.

# ૧૧ માસના સમય માટે કરારના ધોરણે તબીબી અધિકારી તરીકે અપાતી/માનદ્ વેતનથી નિમણૂંકો અંગેની બોલી અને શરતો

રજુ કરનારનું નામ:- શ્રી/શ્રીમતિ/કુ.________________________________________________

૧. એક્ઝીક્યુટીવ કાઉન્સિલ ની તા. ૨૨/૦૭/૨૦૨૫ ની સભાના ઠરાવ ક્રમાંક ૧૦ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટની ભલામણ અન્વયે આપવામાં આવેલ જાહેરાત અન્વયે શરતો/જોગવાઈઓને આધીન ૧૧ માસની મુદતે નિમણુંક મળવાપાત્ર થશે.

૨. નિમણૂંક કરનાર કે નિમણૂંક પામનાર બંન્ને પક્ષો એક માસની નોટિસ આપીને કરાર નિયુકિતનો અંત લાવી શકશે.

૩. તેઓએ આરોગ્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ખાતે ફરજો બજાવવાની રહેશે.

૪. તેઓની તબીબી અધિકારી તરીકેની ફરજો અને જવાબદારીઓ નિભાવવાની રહેશે.

૫. તેઓને રૂ. ૪૦,૦૦૦/-(અંકે રૂપિયા ચાલીસ હજાર પૂરા) માસિક એકત્રિત રકમ મળવાપાત્ર રહેશે.

૬. ઉપર પ્રમાણેના એકત્રિત વેતન પર તેમને કોઈપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી.

૭. કરારના સમયગાળા દરમિયાન તેઓને એકત્રિત વેતનમાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો, મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત તથા પગારપંચના બીજા કોઈ પણ પ્રકારના લાભો મળવાપાત્ર થશે નહી.

૮. કરારના સમયગાળા દરમિયાનની નોકરી બદલ વધારાનું બોનસ, એલ.ટી.સી. લીવ એન્કેસમેન્ટ, પેશગી કે તેવા અન્ય કોઈ પણ પ્રકારના નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહી.

૯. કરારના સમયગાળા દરમિયાન તેઓનું અવસાન થાય તો તેમણે બજાવેલ ફરજના સમયગાળાના એકત્રિત વેતનની લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા કોઈ નાણાકીય લાભ, એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહી.

૧૦. તેઓના કામકાજનો સમય સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આરોગ્ય કેન્દ્રના સમય મુજબનો રહેશે અને તે અનુસાર આરોગ્ય કેન્દ્રમાં હાજરી આપવાની રહેશે.

૧૧. તેઓને વર્ષ દરમિયાન ૧૧ પરચૂરણ રજા સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજૂરીથી મળવાપાત્ર થશે અને તે સિવાય અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહી. અનિવાર્ય સંજોગોના કારણે જો તેમને વધુ રજા લેવાની થાય તો તેવી ગેરહાજરીના સમયગાળા સામે મળતી માસિક ઉચ્ચક રકમમાંથી પ્રમાણસર થતી રકમની કપાત કરવામાં આવશે.

૧૨. તેઓએ કાર્યમથક (રાજકોટ) પર રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને સક્ષમ અધિકારીશ્રી પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહી.

૧૩. તેઓએ સરકારી કામકાજ અર્થે પ્રવાસે જવાનું થાય તો તેવા પ્રસંગે સરકારના વર્ગ-૨ના અધિકારીશ્રીને મળતા લઘુત્તમ ગ્રેડ-પેના પગાર ધોરણમાં મળવાપાત્ર પગારના લઘુત્તમ પગાર ધોરણ મુજબ મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે.

૧૪. તેઓને ગુજરાત સિવીલ સર્વિસીસ (કન્ડકટ)રૂલ્સ ૧૯૭૧માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયે કરારનો સમય કોઈપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.

૧૫. યુનિવર્સિટી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નકકી થાય તે પણ બંધનકર્તા રહેશે.

૧૬. વ્યવસાય વેરા કપાત ફીકસ પગારમાંથી કરી લેવાની રહેશે.

૧૭. નિમણૂંકના સમય દરમિયાન તેમણે બજાવેલ યુનિવર્સિટીની સેવાની બાબત અંગે કોઈ પણ પ્રકારની ફોજદારી કે દીવાની કાર્યવાહી સબબ યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહીં.

૧૮. કરાર આધારિત ઉચ્ચક વેતનથી નિમણૂક પામેલ વ્યકિતને યુનિવર્સિટીના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હકક પ્રાપ્ત થશે નહી.

૧૯. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રી તરફથી આરોગ્ય કેન્દ્રના સંદર્ભમાં જે કોઈ કામગીરી સોંપવામાં આવે તેવી તમામ પ્રકારની કામગીરી કરવાની રહેશે.

૨૦. તબીબી અધિકારીશ્રીએ જરૂર જણાયે સૂચના મળ્યે સામાન્ય આરોગ્ય કેન્દ્ર સમય ઉપરાંત, પ્રસંગ ઉપસ્થિત થયે, રોકાઈને તેમજ જાહેર રજાના દિવસે પણ કામગીરી બજાવવાની રહેશે. જેના માટે કોઈ વધારાનું મહેનતાણું કે ભથ્થું મળવાપાત્ર રહેશે નહી.

૨૧. ઉપરોકત શરતો નિમણૂક પામનાર વ્યકિતને સ્વીકાર્ય છે, તે અંગેનું સંમતિપત્ર આપવાનું રહેશે.